ગાંધીનગર સમાચાર
તા. ૬-૧૦-૨૦૧૪, સોમવાર

## તંત્રી સ્થાનેથી....

### મોદીનું બ્રહ્માસ્ત્ર હરિયાણા - મહારાષ્ટ્ર સર કરી શકશે?

વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે હરિયાણા અને મહારાષ્ટ્રની વિધાનસભાની ચૂંટણી એક લિટમસ ટેસ્ટ સમી બની રહેવાની છે. એમણે લોકસભામાં મળેલ અભૂતપૂર્વ પ્રતિસાદની જેમ આ બે રાજયોમાં પણ એવો જ પ્રતિસાદ મળી રહેશે એવી ગણતરી રાખીને બેઉ રાજયોમાં એકલા હાથે ઝઝૂમવાનો અભિગમ અપનાવ્યો છે. હરિયાણામાં જ્ઞાતિવાદી સમીકરણો અસરકારક રહેતાં હોવાની ખાતરી ધરાવતા મોદીએ છેક લોકસભાની ચૂંટણી પહેલાં જ જાટ, યાદવ અને બિશ્નોઇ મતબેંકોમાં ભાગલા પાડવાનો વ્યૂહ અપનાવ્યો હતો. કોંગ્રેસના સમર્થ જાટ નેતા વીરેન્દ્રસિંહની નારાજગીનો લાભ લઇ એમને નવા રાષ્ટ્રીય અધ્યક્ષની હાજરીમાં ભગવો ખેસ પહેરાવી દીધો છે. એ પહેલાં મહેન્દ્રગઢના રાજા રાવ તુલારામના વંશજને કોંગ્રેસ છોડાવી એ જ ગુંડગાવ બેઠક પરથી ભાજપના નિશાન પર ચૂંટાવી લાવી મંત્રીમંડળમાં સામેલ કરી દીધા. ભૂતપૂર્વ આર્મી ચીફ જનરલ વી.કે. સિંહ પણ હરિયાણા માટે હુકમનું પત્તું ગણાય. હરિયાણામાં મોદીની સાથે નેશનલ લોકદલના ચૌટાલાનું જોડાણ નક્કી મનાતું હતું પરંતુ શિક્ષણ ક્ષેત્રે આચરેલા કૌભાંડને કારણે પૂર્વ મુખ્યમંત્રી ઓમપ્રકાશ ચૌટાલા અને એમના સુપુત્ર અભય ચૌટાલાને જેલની સજા થતાં ભાજપે એમનાથી સલામત અંતર રાખવાનો વ્યૂહ અપનાવેલ છે. જો કે ભાજપના સાથી પક્ષ શિરોમણી અકાલીદળે ચૌટાલાની પાર્ટી સાથે જોડાણ ચાલું રાખ્યું છે. હરિયાણામાં શિરોમણિ ગુરૂદ્વારા પ્રબંધક સમિતિને પજકારનાર હરિયાણાની ગુરૂદ્વારા પ્રબંધક સમિતિને રાજયની કોંગ્રેસી સરકારે તત્કાલ માન્યતા આપી દઇ શીખ મતો કબજે કરવાની હુડાની ચાલ સામે કેન્દ્ર સરકારે તમામ પ્રકારની તાકાત અજમાવી છે. હુડા સામે ભારે એન્ટિ ઇન્કમ્બન્સી ફેકટર પણ છે. ભાજપ હરિયાણામાં એકલા હાથે સત્તા કબજે કરવા માગે છે. બધો દારોમદાર મોદી પર રાખી પ્રચાર-પોસ્ટરનું સૂત્ર હરિયાણા અને મહારાષ્ટ્રમાં - બેઉ રાજયોમાં એક સરખું રખાયું છે : 'ચલો ચલેં મોદી કે સાથ' : મોદી અમેરિકામાં 'ડંકો' વગાડીને આવ્યા હોવાનું જાતે જ જાહેર કરતા ફરે છે અને કેન્દ્રમાં છે એવી ભાજપ સરકાર રાજયોમાં પણ આવે તો જ ધાર્યો વિકાસ હાંસલ કરી શકાશે, એવી રજૂઆત કરી રહ્યાં છે. મહારાષ્ટ્રમાં એમની જૂનામાં જૂની સહયોગી પાર્ટી સાથે છેડો ફાડીને મોદી એકલા હાતએ ઝઝૂમી રહ્યા છે. અંદરખાને પવાર સાથે સાંઠગાંઠ હોવાનું મનાઇ રહ્યું છે, પરંતુ મોદી એમનાં ભાષણોમાં કોંગ્રેસ-એનસીપીને એક જ ગોત્રમાં ગણાવે છે અને શિવસેના વિરૂદ્ધ કોઇ પણ પ્રકારનું નિવેદન કરવાનું ટાળે છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ અમિત શાહ પણ ચૂંટણી પછીના સમાધાન માટે દરવાજા ખુલ્લા રાખીને બેઠા છે. મોદીનું મુખ્ય સ્વપ્ન છે 'કોંગ્રેસ મુકત ભારત.' આ સપનું સાકાર કરવા માટે તેઓ જે કંઇ કરવા જેવું લાગશે તે બધું જ કરશે. પેટાચૂંટણીમાં મોદીવેવ ઓસર્યું હોવાના અણસાર મળ્યા પછી પણ પાર્ટી મોદીનું જ બ્રહ્માસ્ત્ર લઇને જંગે ચડી છે. એવરી થિંગ ઇઝ ફેર ઇન લવ એન્ડ વોર. મોદી સત્તાના પ્રેમમાં ગળાબૂડ છે અને કોંગ્રેસને નેસ્તનાબૂદ કરવા જંગે ચડયા છે!

# અધ્યાપકોને છઠ્ઠા પગાર પંચના એરીયર્સની રકમ ચૂકવી આપવા કોંગ્રેસની માંગણી

ગાંધીનગર, તા. ૫

અધ્યાપકો કર્મચારીઓ કઈ રીતે પરેશાન થાય તેવી માનસિકતા ધરાવતી ભાજપ સરકાર ગુજરાતના સાત હજારથી વધુ અધ્યાપકો હક્કના છઠ્ઠા પગારપંચના લાંબા સમયથી અટવાયેલા એરિયર્સ નાણાંની જલદી ચૂકવણી કરે તેવી માંગ પ્રદેશ કોંગ્રેસના પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ કરી છે.

પ્રદેશ કોંગ્રેસ પ્રવક્તા ડૉ. મિનષ દોશીએ સરકાર પર આક્ષેપ કરતાં જણાવ્યું હતું કે ગુજરાતમાં છેલ્લા ૧૪ વર્ષના ભાજપ શાસનમાં હંમેશા કર્મચારીઓને તેમના હક્ક અને અધિકાર અટકાવવામાં આવે છે. અથવા વિલંબ કરવામાં આવે છે. શિક્ષણ વિભાગ સાથે સંકળાયેલ કર્મચારીઓ અને ખાસ કરીને શિક્ષકો અને અધ્યાપકોને તેમના હક્કના પગાર એરીયર્સ કે પછી પેન્શન તમામમાં હેરાનગતીનો અનુભવ થાય છે.

ભાજપના શાસનમાં શિક્ષણ વિભાગ ભ્રષ્ટાચારનું કેન્દ્ર બની ગયું છે. ઘણા બધા કિસ્સામાં વડી અદાલત આદેશ કરે ત્યાર બાદ જ શિક્ષકો અધ્યાપકો અને કર્મચારીઓને તેમના હક્ક અને પેન્શન મળ્યા છે. ગુજરાતના અધ્યાપકો માટે ખરેખર ભાજપ સરકારને લાગણી હોય તો માનવ સંશાધન વિકાસ મંત્રાલયને વિગતો આપવામાં ગુજરાત શિક્ષણ વિભાગે પ્રથમ આઠ મહિના અને પછી ત્રણ મહિનાથી વધુ સમય કેમ લીધો?

પ્રદેશ પ્રવક્તા મનિષ દોશીએ માહિતી અધિકાર કાયદા હેઠળ મેળવેલ માહિતીની વિગતો આપતાં જણાવ્યું હતું કે દેશના જુદા જુદા ૧૨ રાજયો કે જેમણે પુરતી વિગતો સમયસર રજુ કરી હતી તે રાજયોના ૫૦,૦૦૦ થી વધુ અધ્યાપકોને જે તે રાજય સરકારે છઠ્ઠા પગાર પંચના નાણાની પ્રથમ ચુકવણી કરી અને તેના આધારે કેન્દ્ર સરકારે રીએમ્બર્સમેન્ટ પેટે ૮૦ ટકા એરીયર્સના નાણા જે તે રાજયને ચુકવી આપ્યા છે.

ગુજરાતની ભાજપ સરકારને વિવિધ યુનિવર્સિટી અને કોલેજોમાં કાર્યરત ૭,૦૨૬ અધ્યાપકોને તેમના હક્કના નાણા ચૂકવવામાં કેમ ઈચ્છા થતી નથી? તેવો સવાલ કરતાં પ્રવક્તા મનીષ દોશીએ જણાવ્યુ હતું કે, અધ્યાપકોના છઠ્ઠા પગારપંચના એરીયર્સ નાણા બાબતે વિસ્તૃત રજુઆત અને માહિતી અધિકાર હેઠળ હકીકતો મેળવતા ભાજપ સરકારના જુઠ્ઠાણાનો પર્દાફાશ થયો છે.

# ડૉ. રણછોડ રથવીને બેસ્ટ એનએસએસ પ્રોગ્રામ ઓફિસરનો એવોર્ડ અપાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગરના સે. ૨૩ માંઆવેલ કડી સર્વ વિદ્યાલય સંકુલની અશ્વિનભાઈ એ. પટેલ કોમર્સ કોલેજના એનએસએસના પ્રોગ્રામ ઓફિસર ડૉ. રણછોડ રથવીને સ્વયંસેવકોએ કરેલ શ્રેષ્ઠ કામગીરીના માર્ગદર્શન અને પ્રશંસનીય લોકસેવાના સન્માર્થે ગુજરાત સરકાર તરફથી રાજયકક્ષાનો બેસ્ટ પ્રોગ્રામ ઓફિસર ૨૦૧૩-૧૪ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.



ડૉ. રણછોડ રથવી છેલ્લા ૧૨ વર્ષથી અશ્વિનભાઈ કોમર્સ કોલેજમાં એનએસએસની જવાબદારી સંભાળે છે. તેમના નેતૃત્વમાં વૃક્ષારોપણ કાર્યક્રમ, બ્લડ ડોનેશન, બાળકોને પોલીયોની રસી પીવડાવવાનો, થેલેસેમિયા જાગૃતિ કાર્યક્રમ, નેત્ર નિદાન કેમ્પ, નેશનલ એન્ટીગ્રેસન કેમ્પ વગેરે સફળતાપૂર્વક યોજાયા છે. તેઓએ પ્રજાસત્તાક પરેડ ૨૦૧૪ માં ગુજરાત એનએસએસ ટીમના લીડર તરીકે ન્યુ દિલ્હી ખાતે સતત એક માસ ફરજ બજાવી હતી. તેમજ સુરતના પુરગ્રસ્ત વિસ્તારમાં ૭૦૦૦ ફુડ પેકેટ્સ મોકલાવ્યા હતા. આ ઉપરાંત તેમણે ઈન્ડીયન રેડક્રોસ સાથે મળીને ગિયોડ, બાલવા, દેલવાડા, ધોળાકુવા, સોલૈયા, પીપળ, ઈન્દ્રપુરા જેવા ગામોમાં સ્વચ્છતા અને વ્યસનમુક્તિના કાર્યો કર્યા છે તેમજ કુપોષણ, આરોગ્ય જાળવણી, કુરિવાજોની નાબુદી, બેટી બચાવો, સિવિલ ડિફેન્સ, પર્યાવરણ જાગૃતિ, મતદાન જાગૃતિ, કુદરતી આપત્તિ સમયે સજાગતા અને સુરક્ષાના ઉપાયો વગેરે અંગે શિબિરો યોજેલ છે. તેમને આ વિશિષ્ઠ કાર્યોબદલ આ એવોર્ડ એનાયત કરાયો છે.



## વાવોલની મહિલાઓએ સ્વચ્છતા ઝુંબેશ ઉપાડી

ભારતના રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની ૧૪૫મી જન્મ જયંતિથી વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આરંભેલ સ્વચ્છતા અભિયાન ધીમે ધીમે જન આંદોલનમાં પરિવર્તિત થતુ દેખાઈ રહ્યું છે. વિવિધ સોસાયટીઓ અને વસાહતોના રહીશો પોતાની જાતે જ સ્વચ્છતા ઝુંબેશ ઉપાડી રહ્યા છે અને પોતાના રહેણાંક વિસ્તારોને સ્વચ્છ બનાવી રહ્યા છે. વાવોલના શાલીન-૪ એપાર્ટમેન્ટની કેટલીક બહેનઓએ આજે સવારે સ્વચ્છતા ઝુંબેશ હાથ ધરી સોસાયટી કંપાઉન્ડ સહિત દરવાજા બહાર મુખ્ય માર્ગ પર આવેલો કચરો સાફ કર્યો હતો. અને સાફ કરેલી જગ્યાએ માટી પાથરી સમતળ બનાવી ફરીથી ગંદકી ના ફેલાય તે માટેની તકેદારી લીધી હતી. આ મહિલાઓના પ્રસંશનીય પ્રયાસમાંથી પ્રેરણા લઈને આસપાસની સોસાયટીઓના રહીશો પણ સ્વચ્છતા અભિયાન હાથ ધરવાનું વિચારવા લાગ્યા હતા. (તસવીર : સમીર રામી)

# પી.કે. ચૌધરી આર્ટસ કોલેજમાં 'સ્વચ્છતા અભિયાન' કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

સ્વચ્છ ભારત અભિયાન અંતર્ગત તા. ૨૫મી સપ્ટેમ્બરથી બીજી ઓકટોબર અન્વયે ગાંધી જયંતીના રોજ 'સ્વચ્છતા દિવસ' ઉજવવામાં આવ્યો હતો. પ્રિ.ડૉ. ઉર્મિલાબેન ચૌધરી, શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓએ સ્વચ્છતાની પ્રતિજ્ઞા લીધી હતી. અધ્યાપકશ્રીઓએ વિભાગની સફાઈ, કબાટની સફાઈ, કાગળો ફાઈલ નિકાલ, કેમ્પસ સફાઈ આદરી હતી. ટ્રસ્ટીશ્રીઓની ઓફિસ, જાહેર સંસ્થાઓ, કલેકટર કચેરી, સિવિલ કોમ્પસમાં સફાઈ કરવામાં આવી હતી. ટ્રસ્ટીશ્રીઓની ઓફિસ, જાહેર સંસ્થાઓ, કલેકટર કચેરી, સિવિલ કેમ્પસમાં સફાઈ કરવામાં આવી હતી. ગાંધીજીની ૧૫૦મી જન્મ જયંતિ નિમિત્તે સ્વચ્છ અને સ્વસ્થ ભારતને સફળ બનાવવા યોગદાન આપ્યું હતું. ત્રણ તાસ સફાઈ તાસ રાખીને સમગ્ર કેમ્પસને સાફ સુથરું રાખવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

## હરિની દષ્ટિ...




પપ્પા... ઇન્ટરેસ્ટીંગ જે જે દેશોમાં ચોકખાઈ છે ત્યાં કયાંય પણ સફાઈ માટે ઝૂંબેશ થઇ નથી...!!

# ચૌધરી મહિલા કોલેજ કબડ્ડીની સાઉથ ઝોન ઈન્ટર કોલેજ સ્પર્ધામાં રનર્સ અપ બની

ગાંધીનગર, તા.૫

ગુજરાત યુનિવર્સિટી સાઉથ ઝોન ઈન્ટર કોલેજ કબડ્ડી સ્પર્ધા લુણાવડાની આર્ટસ કોમર્સ અને સાયન્સ કોલેજ ખાતે તા. ૨૭મી સપ્ટેમ્બરે યોજાઈ હતી. આ સ્પર્ધામાં ગાંધીનગરની પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની ટીમે ઉત્કૃષ્ઠ દેખાવ કરીને રનર્સ અપનું સ્થાન મેળવ્યું હતું.

ગાંધીનગરના સેકટર-૭માં આવેલ પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજની વિદ્યાર્થીનીઓની કબડ્ડીની ટીમે ગુજરાત યુનિવર્સિટીની સાઉથ ઝોન ઈન્ટર કોલેજ કબડ્ડી સ્પર્ધામાં વિવિધ કોલેજોની ૧૩ ટીમોમાં ઉત્કૃષ્ઠ પ્રદર્શન દ્વારા રનર્સ અપનું સ્થાન પ્રાપ્ત કરી કોલેજને ગૌરવ અપાવ્યું હતું. આ ટીમમાં કેપ્ટન દક્ષા પંચાલ સહિત લક્ષ્મી ચૌધરી, અંકિતા ચૌધરી, રીપલ ચૌધરી, રમીલા શાહુ, વર્ષા ચૌધરી, મંજુ ડેકલીયા, હંસા ચૌધરી, મંજુલા ચૌધરી, મમતા ચૌધરી, મનિષા ચૌધરી અને જયોત્સના ચૌધરીએ ભાગ લીધો હતો. તમામ ખેલાડીઓને કોલેજના આચાર્યા તથા કર્મચારી પરિવારે અભિનંદન પાઠવ્યા હતા.



## જ્ઞાનકુંભ

- દર્શન મારૂ

### વર્તમાન પ્રવાહો

૧. ૨૦૧૩માં કચ્છના રણના કયા પ્રાણીની ફોટાવાળી ટપાલ ટિકીટ બહાર પાડવામાં આવી છે?
➜ **ઘુડખર (ખચ્ચર ગધેડા)**

૨. વર્ષ ૨૦૧૩માં રાજસ્થાનના કયા શહેરમાં નવજાત શિશુને નવજીવન આપતી દિવ્ય મધર મિલ્ક બેંકનો પ્રારંભ કરવામાં આવ્યો છે?
➜ **ઉદયપુર**

૩. ૨૦૧૩માં તમિલનાડુના કુડનકુલમ પાસે કયો પાવર પ્લાન્ટ શરૂ કરવામાં આવ્યો છે?
➜ **ન્યુક્લિયર પાવર પલાન્ટ**

૪. ૨૦૧૩ જૂન માસમાં રાજસ્થાનના કયા હિલ્સને ટાઇગર રિઝર્વ જાહેર કરવામાં આવ્યું છે?
➜ **મુકુંદરા હિલ્સ**

૫. ૨૦૧૩માં 'પઢે ચલો, બઢે ચલો' માધ્યમિક શિક્ષા અંતર્ગત નવો નારો કયા રાજયએ આપ્યો છે?
➜ **ઉત્તરપ્રદેશ**

૬. એશિયાનો સૌથી મોટો પશુમેળો કયાં યોજાય છે?
➜ **સોનપુર, બિહાર**

૭. ૨૦૧૩માં એશિયાનો સૌથી મોટો પશુમળો કયારે ઊજવાયો હતો?
➜ **કાર્તિક પૂર્ણિમાના દિવસે**

૮. ૨૦૧૪માં વિશ્વમાં સૌથી પોષણક્ષમ દેશોની યાદીમાં પ્રથમ સ્થાન કયા દેશને આપવામાં આવ્યું છે?
➜ **નેધરલેન્ડ**

૯. ૨૦૧૪માં ફેડરલ રિઝર્વના નવા અધ્યક્ષ તરીકે કોની વરણી કરવામાં આવી છે?
➜ **જેનેટ ચેનેલ**

૧૦. ૨૦૧૪માં શ્રીલંકાની રાષ્ટ્રીય ક્રિકેટ ટીમના કોચ પદે કોની વરણી કરવામાં આવી છે?
➜ **પોલ ફોલ્સ**

૧૧. તાજેતરમાં ફ્રાન્સના નવા પ્રધાનમંત્રી પદે કોની નિયુક્તિ કરવામાં આવી છે?
➜ **મોનુલ વાલ્સ**

૧૨. ૨૦૧૩મા બીજા આંતરરાષ્ટ્રીય પર્યટન હાટનો તવાંગમાં આરંભ થયો, તે તવાંગ કયા રાજયમાં આવેલું છે?
➜ **અરૂણાચલ પ્રદેશ**

૧૩. ૨૦૧૩મા બીજી ભારત-ફિલિપાઈન્સની દ્વિપક્ષીય સહકાર અંગે સંયુક્ત પંચની બેઠક કયાં મળી હતી?
➜ **મનીલા**

૧૪. ૨૦૧૩માં વૃદ્ધોની સુખાકારીની બાબતમાં ભારતે વૈશ્વિક ધોરણે કયો ક્રમ પ્રાપ્ત થયો છે?
➜ **૭૩માં**

૧૫. ૨૦૧૩માં ચલચિત્ર કાનૂન અંગે રચાયેલી કઇ સમિતિએ તાજેતરમાં અહેવાલ સોંપ્યો?
➜ **મુકુદ મુદગલ સમિતિ**

૧૬. ૨૦૧૩નું ૯મું રૂસ્તમ-એ આંતરરાષ્ટ્રીય ભારતીય સ્ટાઇલ કુસ્તી ટાઇટલ કોને જીત્યું?
➜ **સત્યવ્રત**

૧૭. ૨૦૧૪માં કયા દેશે શાંતિ માટે 'ચાર પાર્ટી વાતચીત' બેઠક બોલાવી હતી?
➜ **યુક્રેન**

૧૮. ૨૦૧૪માં વિમ્બલડન મહિલા સિંગલનો ખિતાબ કોણે જીત્યો હતો?
➜ **પેટ્રા ક્વિટોવા**

૧૯. ૨૦૧૪માં ભારતની વિદેશયાત્રાએ આવેલાં વિલિયમ હેગ કયા દેશનાં વિદેશમંત્રી છે?
➜ **બ્રિટન**

૨૦. ૨૦૧૪માં આંતરરાષ્ટ્રીય હથિયાર મેળો કયાં યોજાયો હતો?
➜ **દિલ્હી**

# એમ કહેવાય છે કે એક સ્ત્રીને મળતો અધિકાર એ એક માનવીને મળતો અધિકાર છે

## મહિલા સમાજ અને કાયદો

ડો. ભાવના કે. જોશીપુરા

ગત અંકમાં આપણે માતૃત્વના ખ્યાલ વિશે વિસ્તૃત ચર્ચા કરી. ૧૯૯૫ માં બેઈઝીંગ ખાતે મળેલ ચોથી વૈશ્વીક પરીષદની અંદર ગુણવતા તેમજ જથ્થાયુકત બાબતોના સંદર્ભમાં કેટલીક પાયાની બાબતો નકકી કરવામાં આવી છે. હાલમાં જ બ્રિકસ ખાતે (બ્રાઝિલ, રશિયા, ઈન્ડિયા, ચાઈના, સાઉથ આફ્રિકા આ પાંચ દેશોના સમૂહને બ્રિકસ કહેવામાં આવે છે.) આ પાંચ દેશના સમૂહોના મહિલા પ્રતિનિધિઓ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ સંદર્ભમાં ચર્ચા કરવા એકત્રિત થયા હતા. આ ડોમેસ્ટીક વાયોલન્સ એકટ એટલે કે સ્ત્રીઓને ઘરગથ્થું હિંસા સામે રક્ષણનો કાયદો એ સંદર્ભે ચર્ચા કરવા એકત્રિત થયા હતા. એનો અર્થ એ થયો કે દરેક દેશના બંધારણ મુજબ સ્ત્રીઓના કાયદા અસ્તીત્વમાં છે પરંતુ પાયાની કેટલીક કાયદાકીય બાબતોના સંદર્ભમાં એક સરખા કાયદાઓ અસ્તીત્વમાં છે. આ લખવાનો હેતુ એ છે કે જે બીજી વિચારધારા સંદર્ભમાં આપણે ચર્ચા કરવાના છીએ તે છે સમતાનો ખ્યાલ (ઈકવીટી એપ્રોચ). આ વિચારધારા અંતર્ગત તમામ કાયદાઓનો અભ્યાસનો પણ સમાવેશ થાય છે.

કેટલાક લોકોનો એક કાયમી પ્રશ્ન હોય છે કે સ્ત્રીઓ સંદર્ભમાં અનેક કાયદાઓ શા માટે? સ્ત્રી સંદર્ભેના જે રક્ષણાત્મક પગલાઓ છે તેમાં કાનૂન પણ એક ભાગ છે. એમ કહેવાય છે કે એક સ્ત્રીને મળતો અધિકાર એ એક માનવીને મળતો અધિકાર છે. મહિલા સશકિતકરણ શબ્દ ત્રિવિધ દિશાસૂચક છે અને તેની અંદર મહિલાઓનું સામાજિક આર્થિક અને રાજકીય સશકિતકરણ એ સ્ત્રી સશકિતકરણ અર્થેનો સંપૂર્ણ સંદર્ભ છે.

માનવ અધિકાર માટેની વૈશ્વિક ઘોષણામાં સમાનતા ઉપર ખાસ ભાર મુકવામાં આવેલ છે અને ભારતીય બંધારણમાં પણ સમાનતાનો હકક મૂળભુત અધિકાર તરીકે પ્રયોજવામાં આવ્યો છે. વળી, ભારતીય બંધારના માર્ગદર્શક સિદ્ધાંતના વિભાગમાં પણ મહિલાઓ અને બાળકોના સંદર્ભમાં રાજય કલ્યાણકારી જોગવાઈઓ બનાવે તે અર્થે સંકલ્પના કરવામાં આવી છે જ.

આપણે પૂથમ સમતાના ખ્યાલ વિશે જાણીએ તો,

(૨) સમતાનો ખ્યાલ (ઈકવીટી એપ્રોચ)

માનવજાતના સંદર્ભમાં સમાનતાના ખ્યાલ ઉપર આધારી આ વિચારધારા છે અને ૧૯૮૬ માં બુવેનીક થીયરી મુજબ પુરૂષ અને સ્ત્રી વચ્ચેની અસમાનતાના કારણે જાહેર અને ખાનગી ક્ષેત્રોમાં મહત્વની સમસ્યા ઉભી થાય છે અને માત્ર કૌટુંબીક દ્રષ્ટીથી નહી પરંતુ સમાજજીવનના દરેક ક્ષેત્રોમાં તેની અસર છે. ખાસ કરીને નોકરીમાં, પગાર ચુકાવવામાં વગેરે ક્ષેત્રમાં વિશેષ અસર છે તેથી સમાનતાના માધ્યમથી મહિલાઓનો દરજજો સમાન બનાવવાની આ વિચારધારા છે અને તેના માટે ધારાકીય પ્રયત્નો (જેમકે ભારતીય બંધારણમાં સમાનતાનો ખ્યાલ) જરૂરી છે તેમ આ વિચાર માને છે.

સમતાના ખ્યાલ અંતર્ગત તમામ કાયદાઓનો સમાવેશ થાય છે. આપણે અગાઉના અંકોના મહિલાઓ અને તેના અધિકારો વિશે અલગ અલગ કાયદાની માહિતી મેળવેલ છે. મહિલાઓ વિશે સાંપૂત પરિસ્થિતિનો પણ ખ્યાલ વિસ્તૃત રીતે મેળવેલ છે. હાલમાં જ આપણા રાજયમાં પણ મહિલા સશકિતકરણ પર્વની ખૂબ જ ઉત્સાહ પૂર્વક ઉજવણી થઈ. દરેક જીલ્લા અને તાલુકામાં વિવિધ પૂકારે મહિલા જાગૃતિ પ્રકલ્પો યોજવામાં આવ્યા. આ તમામ પૂકલ્પોમાં દરેક તાલુકા અને જીલ્લામાં કાનુની જાગૃતિ અભિયાન પણ ચલાવવામાં આવ્યું. મહિલાઓના દરજજા સંદર્ભે પણ વિસ્તૃત ચર્ચાઓ થઈ. ભારતીય બંધારણમાં જે મૂળભૂત અધિકારો છે તેમાં પણ દરજજાયુકત જીવન જીવવાનો અધિકાર (રાઈટ ટુ લાઈફ વીથ ડીગનીટી) એ વિશેષ મહત્વ ધરાવે છે.

મૂળભુત રીતે જોવા જઈએ તો સંયુકત રાષ્ટ્ર સંઘે તાજેતરમાં કરેલા નિરૂપણ મુજબ વિશ્વની કુલ વસ્તીનો અડધો એટલે કે ૫૦ ટકા હિસ્સો સ્ત્રીઓનો બનેલો છે. કુલ કાર્યશકિતમાં તેનો હિસ્સો ૨/૩ છે પરંતુ વિશ્વની કુલ આવકમાં તેનો હિસ્સો માત્ર ૧૦ ટકા છે અને વિશ્વની કુલ સંપતિઓમાં સ્ત્રીઓનો હિસ્સો ૧૦૦માં ભાગનો છે.

આ બાબત બતાવી આપે છે કે મહિલાઓના સંદર્ભમાં સમતાયુકત વ્યવહાર હશે પરંતુ સમાનતાપૂર્ણ વ્યવહારની દિશામાં હજુ ઘણું કરવાનું બાકી છે. આપણે ૭૪ બંધારણીય સુધારા વિશે માહિતી મેળવીએ.

ભારતીય બંધારણમાં ૭૩ માં બંધારણીય સુધારા દ્વારા પંચાયતી રાજની એકત્રિત યોજના અને ૭૪ મા બંધારણના સુધારા દ્વારા ખાસ કરીને મહિલાઓના સંદર્ભમાં સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓમાં આરક્ષણ અર્થે જોગવાઈ કરવામાં આવેલી છે.

સંસદ અને ધારાસભામાં પણ મહિલાઓ માટે આરક્ષણના સંદર્ભમાં ઘણા વખતથી ચર્ચા ચાલી રહી છે પરંતુ રાજકીય પક્ષોની નિયત આ સંદર્ભમાં શું છે તે કળી શકાતું નથી, આમ પણ મહિલાઓના સંદર્ભમાં સંયુકત રાષ્ટ્રસંઘનું એ પૂકારે માનવાનું છે કે જે જે દેશોએ શાસનમાં મહિલાઓનો સહભાગ વધાર્યો છે ત્યાં આગળ શરૂઆતના વર્ષોમાં પ્રશિક્ષણ આપ્યા પછી મહિલાઓ શાસનમાં આદર્શ પુરવાર થઈ છે અને તેથી જ 'વુમન ઈન ગુડ ગવર્નન્સ' એ પૂકારનો શબ્દ અત્યારે વિશ્વભરમાં પૂચલીત છે.

બંધારણીય જોગવાઈના પરિણામ સ્વરૂપ સ્થાનિક સ્વરાજયની કક્ષાએ મહિલાઓની હિસ્સેદારીની શરૂઆત થઈ ચૂકી છે, શરૂઆતના તબકકા પછી અસરકારક પરિણામો પણ મળવા શરૂ થયા છે.

વિશ્વના અનેક દેશોમાં મહિલા વડાપૂધાનોએ જવાબદારી સંભાળી છે અને સારી રીતે આ જવાબદારી અદા કરી છે. આપણા દેશમાં અનેક રાજયોમાં મહિલા મુખ્યપ્રધાન જવાબદારી સંભાળી ચુકયા છે. આપણા રાજયમાં પણ પૂથમ મહિલા મુખ્યમંત્રી આપણને પૂાપ્ત થયા છે. ૭૪માં બંધારણીય સુધારાની માહિતી તથા સમતાના ખ્યાલના સંદર્ભમાં વિશેષ માહિતી સાથે મળીએ આવતા અંકે.